| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૧૦/૦૬/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | :: | ૧૦/૦૬/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | :: | ૧૬/૦૬/૨૦૨૬ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૦૭ |

---

**આણંદ જિલ્લાના એડી.સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ.ખંભાત.**

---

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૩૨/૨૦૨૬**
**આંક:–**

**<u>અરજદાર</u>:–** **મહમંદ સઈદ મહમંદ હુસેન શેખ**
ઉ.વ.૫૬, ધંધો.મજુરી,
રહે. આમાન સામન મહોલ્લો,
તા.ખંભાત, જી.આણંદ.

***//વિરૂધ્ધ//***

**<u>સામાવાળા:–</u>** **સરકાર શ્રી**

<u>બાબત</u>:– **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૪૮૩ મુજબ જામીન મેળવવાની અરજી..**

---

**અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી આઈ.એમ.ચમની**
**સામાવાળા તરફે વિધ્વાન પી.પી.શ્રી જે.એસ.ગઢવી**

---

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) આ કામના અરજદારે હાલની જામીન અરજી બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા

માટે કરેલ છે.

(૨) આ કામના અરજદાર સામે **ખંભાત સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૫૦૧૨૨૦૦૦૪૯/૨૦૨૦ થી ઈ.પી.કો. કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૩૬, ૪૨૭, ૪૩૫, ૩૯૫, ૩૯૭, ૨૯૫(એ), ૨૩૨, ૧૮૬, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એકટની કલમ– ૧૩૫** મુજબનો ગુનો તા. ૨૩/૦૨/૨૦૨૦ ના રોજ રજીસ્ર્ટડ કરવામા આવેલ ફરીયાદના અનુસંધાને ત.ક.અમલદારશ્રીએ અજદારને તા.૦૯/૦૬/૨૦૨૬ ના રોજ જયુડીશીયલ કસ્ટડીમા મોકલી આપેલ છે તેમજ આ કામે ચાર્જશીટ થઈ જતા નામ. કોર્ટમા ચાર્જશીટ રજુ કરી કમીટ થઈ નામ. સાહેબ રૂબરૂ સેશન્સ કેસ નં. ૬૦/૨૪ થી કોર્ટ સમક્ષ હાલ પેન્ડિંગ છે. જેથી અરજદારે હાલની આ જામીન અરજી અત્રેની અદાલત સમક્ષ કરેલ છે.

(૩) આ કામે સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામા આવેલ તેઓ તરફે તપાસ કરનાર અધિકારીનુ આંક–૦૪ થી સોગંદનામુ રજુ રાખેલ છે.

આ કામના અરજદાર તરફે એવી રજુઆત છે કે, તેઓની સામે ફરીયાદપક્ષનો આક્ષેપ એવો છે કે, મુસ્લીમ માણસો પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા માટે ઈરાદાસર જીવલેણ હથિયારો સાથે સજજ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી હીન્દુ કોમના રહીશોના મકાનોમા બળજબરી પુર્વક પ્રવેશ કરી ભયનુ વાતાવરણ પેદા કરી ઘરવખરીનો સરસામાનની લુંટ કરી તેમજ મંદીરમા તોડફોડ કરી તથા હીન્દુ સમાજના માણસોની લાગણી દુભાય તેવુ કૃત્ય કરી મકાનોમા આગ લગાડી તેમજ ફરજ ઉપર પોલીસ સ્ટાફના માણસો ઉપર પથ્થર મારો કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલાનો આક્ષેપ છે. આ કામના વિ.વકીલશ્રી આઈ.એમ.ચમની તેમની મોખીક દલીલમા એવુ

જણાવે છે કે, અગાઉ અન્ય આરોપીઓ સામે ચાર્જશીટ થઈ ગયેલ છે અન્ય તમામ આરોપીઓને આ અદાલતે જામીન પર મુકત કરેલા છે.આ કામના અરજદારને નોટીસ કે સમન્સ તપાસકરનાર અધિકારીએ તપાસના કામે કાઢેલ હોય તેવુ બનેલ નથી તથા અરજદાર ભાગેડુ તરીકે વોરંટ કાઢેલ હોય તેવુ બનેલ નથી. જો પોલીસની વાત સાચી માની લેવામા આવે કે આ કામના અરજદાર ભાગતા ફરતા હોય તો તેવા સંજોગોમા તો પોલીસે તેમની સામે કોઈ કાર્યવાહી કરેલ નથી. અરજદાર ખંભાતના કાયમી રહેવાસ છે. અગાઉ જે આરોપી કે ભાગેડુ આરોપીઓ હશે એ તમામને આ અદાલતે જામીન પર મુકત કરેલા છે અરજદારનો ગુનાહીત ઈતિહાસ નથી. નામદાર કોર્ટ ફરમાવે તે શરતો પાળવા ખુશી છે અને તે સંજોગોમા જયારે અરજદારની તપાસના કામે કોઈ જરૂર રહેતી ન હોય તે સંજોગોમા અરજદારને રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા નમ્ર અરજ કરે છે.

(૪) સામાવાળા શ્રી સરકાર તરફે એપીપીશ્રી જે.એસ.ગઢવી તેમની મોખીક દલીલમા એવુ જણાવે છે કે, અરજદાર સામે આઈ.પી.સી. ની કલમ–૧૪૩ વિગેરેનો રાયોટીંગનો કેસ છે, કેસ જુનો છે, એફ.આઈ.આર.મા નામ છે, ચાર્જશીટમા ભાગેડુ તરીકે બતાવેલો છે. અરજદાર સામે પથ્થર મારો કરવાનો પ્રથમ દર્શનીય કેસ છે. છ વર્ષે પકડાયેલા છે તે સંજોગોમા જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવે છે.

(૫) આમ બંને પક્ષોની મોખીક રજુઆત તથા તપાસ કરનાર અધિકારીનુ આંક–૦૪ નું સોગંદનામુ વંચાણે લેતા હાલની અરજીના નિર્ણય માટે આ અદાલત નીચે મુજબના મુદા ધ્યાને લે છે.

(૧) ફરીયાદ

(૨) ઉપરોકત ગુનામા અગાઉના આરોપીઓ સામે તપાસ પુર્ણ થઈ

ચાર્જશીટ થઈ ગયેલ છે.

(૩) ક્રિ.પ.અ.નં. ૧૦/૨૦૨૫ ના કામે તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ અન્ય આરોપીઓને જામીન મુકત કરેલા છે.

(૪) અરજદારનો ગુનામા રોલ

(૫) સજાની જોગવાઈ

(૬) અરજદાર સ્થાનીકના કામચી રહેવાસી છે.

આમ ઉપરોકત તમામ મુદાઓ ધ્યાને લેતા આ અદાલત આ કામના અરજદારને બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩(ક્રિમીનલ પ્રોસીજરર કોડની કલમ–૪૩૯) મુજબ તથા **નામદાર સુપ્રિમ કોર્ટે સત્યેન્દ્ર અન્ટીલ V/S સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન અને બીજાઓ(૨૦૨૨) ૧૦ SCC ૫૧** ના ચુકાદામા નામદાર સુપ્રિમ કોર્ટે એવુ ઠરાવેલ છે કે, જેલ એ અપવાદ છે અને જામીન એ નિયમ છે તથા વ્યકિત સામે ટ્રાયલ પુર્ણ થતાં પહેલા તેને ઈનોસ્નટ(નિર્દોષ) માનવો જોઈએ જયાં સુધી તેની સામેનો ગુનો પુરવાર ન થાય ત્યાં સુધી અને જેથી અરજદાર ભારતીય બંધારણના આટિકલ–૨૧ મુજબ વ્યકિતની સ્વંત્રતાના મુળભુત અધિકારને રક્ષણ આપી શકાય અને પ્રિ ટ્રાયલ કન્વીકશન ટાળી શકાય તેવુ ઠરાવેલ છે. તે સિધ્ધાંત આ અદાલત વિનમ્રપણે વંચાણે લે છે તે મુજબ મળેલ વિવેકાધીન સતાનો ઉપયોગ અરજદારને જામીન પર મુકત કરવા અરજદારના લાભમા કરવાનો વાજબી અને ઉચીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરુ છુ.

## -: હુકમ :-

**(૧)** અરજદાર/આરોપી **મહમંદ સઈદ મહમંદ હુસેન શેખ,** રહે. આમાન સામન મહોલ્લો, તા.ખંભાત, જી.આણંદ.ની હાલની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૪૮૩

અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા) ના જાતજામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા ટ્રાયલ કોર્ટમાં આપ્યેથી ખંભાત સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૫૦૧૨૨૦૦૦૪૯/૨૦૨૦ થી ઈ.પી.કો. કલમ - ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૩૬, ૪૨૭, ૪૩૫, ૩૯૫, ૩૯૭, ૨૯૫(એ), ૨૩૨, ૧૮૬, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એકટની કલમ - ૧૩૫ મુજબના કામે નીચેની શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે છે.

**<u>શરતો</u>:-**

(૧) અરજદાર/આરોપીએ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૨) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાને તોડવા ફોડવા કે ચેડા કરવા નહીં.

(૩) અરજદાર/આરોપીએ મહે. ટ્રાયલ કોર્ટ સમક્ષ ન્યાયીક કાર્યવાહી દરમિયાન નિયમીત હાજર રહે.

(૪) અરજદાર/આરોપીએ નીચેની કોર્ટમાં જામીન મુકત કરતી વખતે પોતાનુ રહેવાનુ કાયમી સરનામુ રજુ કરવુ અને તે અંગેનો પુરાવો રજુ કરવો અને નીચેની કોર્ટની પુર્વ પરવાનગી વિના પોતાનું કાયમી રહેઠાણ બદલવુ નહી.

(૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન બિનચુક હાજર રહેવું.

(૬) અરજદારે તેની સામે ચાર્જશીટ થતા સુધી અંગ્રેજી માસની ૧લી તથા ૧૫મી તારીખે સબંધિત પોલીસ સ્ટેશનમા સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ વાગ્યા સુધીમા હાજરી પુરાવાની રહેશે.

(૩) આ હુકમની જાણ હકુમત ધરાવતા પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ ૧૬મી માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૬/૨૦૨૬
ખંભાત.

(પી.એચ.શર્મા)
ત્રીજા એડીશનલ ડિસ્ટ્રીકટ જજ
અને સ્પે જજ પોકસો, ખંભાત.
**યુનિક કોડ નં.જીજે૦૦૭૦૧**